**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૨૦ જૂન, ૨૦૦૪)**

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦) **સત્સંગ પ્રવીણ : પ્રશ્નપત્ર - ૧**

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાનાં નંબર દર્શાવે છે.** (કુલ ગુણ : ૧૦૦)

**વિભાગ-૧ : શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના - નવમી આવૃત્તિ, એપ્રિલ ૨૦૦૩**

**પ્રશ્ન.૧. નીચેનામાંથી કોઈપણ <u>બે</u> વિષયોના સંદર્ભમાં શાસ્ત્રનાં ત્રણ ત્રણ પ્રમાણો આપો.** (૬ ગુણ)

૧. વ્યાપક થકા મૂર્તિમાન કેવી રીતે ? ૧૬

૨. પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણઃ એક અને અદ્વિતીય ૪૬

૩. પ્રગટપણું એક જ દ્વારા ૮૦

૪. કર્તાપણું કેવી રીતે ? ૫

**પ્રશ્ન.૨. પ્રમાણ, સિદ્ધાંત કે કડી પરથી વિષયનું શીર્ષક આપો.** (૫ ગુણ)

૧. મારી દૃષ્ટિએ જક્ત ઊપજે શમે, અનેકરૂપે માયા થઈ. ૭

૨. ભગવાનની મૂર્તિની ઉપાસના વિના આત્મા બ્રહ્મ દેખાય જ નહિ. ૨

૩. તેમ દેશ, કાળ, કર્મ, માયા તેનું પરમેશ્વર ચાલવા દે તેટલું ચાલે. ૬

૪. તેમ વેદાદિક ચાર શાસ્ત્રે કરીને ભગવાનના સ્વરૂપને સમજે, ત્યારે સંપૂર્ણ ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થાય છે. ૧૪

૫. તે ગ્રંથ સુધા બુદ્ધિવાનના કરેલા હોય તો પણ તે ગ્રંથને કોઈ દિવસ ભણવા નહિ ને સાંભળવા નહિ. ૧૧

**પ્રશ્ન.૩. આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો.** (૪ ગુણ)

**નોંધ : એકથી વધારે (બે કે ત્રણ પણ) જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે તો જ પૂર્ણ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. સ્વામી અક્ષર છે, એ ક્યા પરમહંસોએ જાણ્યું અને પ્રવર્તાવ્યું ? ૧૩૦-૧૩૧

(અ) ગોપાળાનંદ સ્વામી

(બ) નૃસિંહાનંદ સ્વામી

(ક) વ્યાપકાનંદ સ્વામી

(ડ) વિજ્ઞાનાનંદ સ્વામી

૨. શ્રીજીમહારાજનું સર્વોપરીપણું : પરમહંસોનાં વચનોના આધારે ૩૯

(અ) અક્ષર પર પુરુષોત્તમ જેહ, તેણે ધર્યું મનુષ્યનું દેહ

(બ) અષાઢી મેઘે આવી કર્યા રે, ઝાઝા બીજા ઝાકળ.

(ક ) ઈસ ખડે મેં તો પડે હી હૈ.

(ડ) તેજ તેજ જિયાં તેજ અંબાર, તેજોમય તન તેના રે.

**પ્રશ્ન.૪. નીચેનામાંથી કોઈપણ <u>એક</u> પ્રસંગ વર્ણવી તેનો સિદ્ધાંત લખો. (બારેક લીટીમાં)** (૪ ગુણ)

૧. મુક્તાનંદ સ્વામી દ્વારા પ્રગટનાં શાસ્ત્રની રચના. ૭૦

૨. વાઘા ખાચરની નિરાવરણદૃષ્ટિ. ૧૨૩

૩. કબૂતરના કબૂતર રહ્યા. ૫૧

**પ્રશ્ન.૫. કોઈપણ <u>બે</u> વિષે વિવરણ લખો. (બારેક લીટીમાં)** (૮ ગુણ)

૧. સ્વામી-સેવકભાવે ઉપાસના ૯૬

૨. સર્વોપરીપણાની નિષ્ઠાની આવશ્યકતા ૨૯

૩. અક્ષરપુરુષોત્તમ વચ્ચેનો સંબંધ ૧૦૯

૪. દિવ્યભાવ સમજવાની આવશ્યકતા ૨૧

**પ્રશ્ન.૬. નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ <u>બે</u> વિષે કારણ આપો. (બારેક લીટીમાં)** (૮ ગુણ)

૧. ભગવાનની મૂર્તિનાં અપાર સુખ માટે ઉપાસના એ શ્રેષ્ઠ સાધના છે. ૨

૨. ખૂબ ઠંડીમાં પણ મહારાજને ગરમી થવા માંડી. ૧૧૮

૩. ઘનશ્યામદાસે ગુણાતીતાનંદ સ્વામીને ચક્રવર્તી કહ્યા. ૧૩૧

૪. ઉત્તમ ભક્ત થવા માટે પ્રમુખસ્વામી મહારાજની સેવા કરવી જોઈએ. ૮૮

**પ્રશ્ન.૭. ઉપાસનામાં શું સમજવું ? અને શું ન સમજવું ? તેના આધારે નીચેનાં વાક્યની પૂર્તિ કરો.** (૮ ગુણ)

(ઉપાસનામાં શું સમજવું ?)

૧. અક્ષરબ્રહ્મ એક જ ....... સેવકરૂપે રહે છે. ૧૪૩

૨. સગુણપણું અને ....... અતિશય સૂક્ષ્મ છે. ૧૪૩

૩. અક્ષરબ્રહ્મના સાધર્મ્યને ....... અંતે પણ રહે છે. ૧૪૩

(પાછળ જુઓ)

---

**પ્રતિ,**

**પરીક્ષા વ્યવસ્થાપક (તા. ૨૦ જૂન, ૨૦૦૪ પરીક્ષા : સત્સંગ પ્રવીણ-૧ માધ્યમ : ગુજરાતી સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦)**

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

૬૦૧

પરીક્ષાર્થીની અટક :-

પરીક્ષા આપી તે તારીખ :-

પરીક્ષાર્થીનું નામ :-

પરીક્ષા આપી તે સમય :-

પિતા / પતિનું નામ :-

બેઠક ક્રમાંક :-

પરીક્ષા સ્થળનું નામ :-

કેન્દ્ર નંબર :-

પરીક્ષાર્થીની સહી :-

કેન્દ્રનું નામ :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરી સ્લીપ કાપીને તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત વર્ગમાં હાજર રહેલા તમામ પરીક્ષાર્થીઓની હાજરીની સ્લીપો ભેગી કરીને તેની સંખ્યા પૂર્વ કસોટીના અહેવાલમાં લખીને સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય-અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે.**

૪. પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ ....... છે. ૧૪૨

૫. પુરુષોત્તમપણું ....... ભિન્ન ભિન્ન છે. ૧૪૩

(ઉપાસનામાં શું ન સમજવું ?)

૧. મુક્ત અને પુરુષોત્તમ ....... ન સમજવું. ૧૪૫

૨. એકલા અક્ષરબ્રહ્મ ....... ન સમજવું. ૧૪૪

૩. મૂર્તિમાન અક્ષરબ્રહ્મ ....... ન સમજવું. ૧૪૫

**પ્રશ્ન.૮.** શ્રીજીમહારાજે સ્વમુખે કહેલા, 'સ્વામી અક્ષર છે.' તે વિષેના કોઈપણ ત્રણ પ્રસંગો લખો. (૧૧૫) (૫ ગુણ)

## વિભાગ-૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૩ - પાંચમી આવૃત્તિ, મે ૨૦૦૧ તથા યુગવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ - તૃતીય આવૃત્તિ, જુલાઈ ૨૦૦૦

**પ્રશ્ન.૯. નીચેનામાંથી કોઈપણ બે વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** (૬ ગુણ)

૧. ''મારે દોડતાં ત્યાંથી આવવું પડ્યું.'' (સ.વા. ભાગ-૩) ૨

૨. ''એક બ્રહ્માંડનો પ્રલય કરી એક બ્રહ્માંડ રચ્યું.'' (સ.વા. ભાગ-૩) ૨૨

૩. ''એમણે આપણા જ ધર્મમાં દૃઢ રીતે જોડાવા મને આજ્ઞા આપી.'' (યુગવિભૂતિ) ૫૩

૪. ''જાત મહેનત કરીએ. હરામનું ખાવું નહીં.'' (યુગવિભૂતિ) ૪૧

**પ્રશ્ન.૧૦. નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ બે વિષે કારણો આપો. (બારેક લીટીમાં)** (૬ ગુણ)

૧. ભગા દોશીને પોતાની ભૂલ સમજાણી. (સ. વા. ભાગ - ૩) ૬૮

૨. મહારાજે કાઠીઓને કહ્યું, 'ઘરે આમ બગાડો છો ?' (સ. વા. ભાગ - ૩) ૫૮

૩. યુવાન વિદ્યાર્થી ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. (યુગવિભૂતિ) ૧૯

૪. નરેન્દ્રપ્રસાદ સ્વામી સ્વામીશ્રીના દિવ્યત્વમાં ખોવાઈ ગયા. (યુગવિભૂતિ) ૩૭

**પ્રશ્ન.૧૧.નીચેના વિષયો પર મુદ્દાસર વિવરણ લખો.** (૮ ગુણ)

૧. ધરમપુરમાં મુક્તાનંદ સ્વામી. (સ.વા. ભાગ - ૩) ૫૧

**અથવા** રઘુવીરજી મહારાજની સંતો પ્રત્યેની સેવાભાવના. (સ.વા. ભાગ-૩) ૪૨

૨. નો મની. આઈ હેવ ગોડ. (યુગવિભૂતિ) ૨૩

**અથવા** પ્રભુ હજુ દયાહીન નથી થયો. (યુગવિભૂતિ) ૫૨, ૫૩

**પ્રશ્ન.૧૨. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** (૬ ગુણ)

૧. નિષ્કુળાનંદ સ્વામી રચિત કયો ગ્રંથ આજે ઘેર ઘેર ગવાય છે ? (સ.વા. ભાગ - ૩) ૩૭

૨. ગોપાળાનંદ સ્વામીએ સત્સંગમાં કઈ અમૂલ્ય સાહિત્ય સેવા આપી છે ? (સ.વા. ભાગ - ૩) ૧૧

૩. શિવલાલ શેઠ કેવી રીતે ધ્યાન કરતાં ? (સ.વા. ભાગ - ૩) ૭૦

૪. બીમાર વિદ્યાર્થીને સ્વામીશ્રીએ શું પીવડાવ્યું ? (યુગવિભૂતિ) ૨૪

૫. હનુમાનમઢીએ શાની વાતો થતી ? (યુગવિભૂતિ) ૮

૬. વર્ષો પછી ગણેશ ક્યો સવાલ કરે છે ? (યુગવિભૂતિ) ૨૮

**પ્રશ્ન.૧૩. આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો.** (૬ ગુણ)

**નોંધ : એકથી વધારે (બે કે ત્રણ પણ) જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે તો જ પૂર્ણ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. મુક્તાનંદ સ્વામીએ સ્ત્રીઓ માટે કયા ગ્રંથ રચ્યા છે ? ૨૫

(અ) ઉદ્ધવ ગીતા (બ) રૂક્ષ્મણિ વિવાહ (ક) સતી ગીતા (ડ) મુકુંદબાવની

૨. નિષ્કુળાનંદ સ્વામીની સાહિત્યરચના ૩૭

(અ) ભક્તિનિધિ (બ) નિર્ણયપંચક (ક) સ્નેહગીતા (ડ) ભગવત્ દશમ્

૩. પ્રમુખસ્વામીશ્રીની અનન્ય પરાભક્તિ (યુગવિભૂતિ) ૧૬

(અ) ઝેર આપનાર સાધુને ૪૦ વર્ષ સુધી સાચવ્યા. (બ) ભગવાનની આજ્ઞા અને મૂર્તિમાં રહીને કાર્ય કરે છે.
(ક) કંચન અને કામિનીથી મુક્ત (ડ) હું કર્તા નથી, કર્તા ભગવાન છે.

## વિભાગ-૩ : નિબંધ

**પ્રશ્ન.૧૪. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો.** (૨૦ ગુણ)

૧. સુખની માસ્ટર કી એટલે સંત. ૨. સામાજિક ઉત્થાનમાં બાળપ્રવૃત્તિનો ફાળો.

૩. ભૂકંપ ગ્રસ્તોની સેવામાં : સ્વયંસેવકોની સમર્પિત સેના.

**નોંધ :- ઉપરોક્ત જે નિબંધની યાદી છે તેમાંથી એક નિબંધ તથા તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૮ જુલાઈ, ૨૦૦૪ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે.**

❋ ❋ ❋